જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૦/૦૮/૨૦૨૬ ગુરૂવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૧૫૪/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૬૩ કેસ કરી, ૧૫૮ વ્યક્તિઓને ઝડપી, ૧૪૪૬ લીટર દેશી દારૂ, ૭૮ બોટલ ઈંગ્લીશ દારૂ, ૫૩૭૧ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૩૦૪ બિયર ટીન, ૦૧ ટ્રક, ૦૧ આયસર, ૦૪ કાર, ૦૧ મોટર સાયકલ અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૦૫ કેસ કરી, ૧૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૧,૭૭૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૧૫૫/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૭૯ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૧૧૫૬/૨૦૨૬**

મેઘાણીનગરઃ પુજાબહેન નિરજભાઇ ચૌહાણ (ઉ.વ.૨૭) (રહે. પરીહારનગર ગલી નંબર–૧ ભાર્ગવ રોડ કુબેરનગર) એ અગમ્ય કારણસર તા.૧૯/૦૮/૨૦૨૬ બપોરના ૦૩/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છત્તમા લગાવેલ હૂકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેમને સારવાર માટે સીવીલ હોસ્પીટલ લઇ જતા ફરજ પરના ડૉશ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.જે.પરમાર ચલાવે છે.

નિકોલઃ દક્ષાબહેન પ્રવિણસિંહ સોલંકી (ઉ.વ.૨૫) (રહે. અંકુર રો–હાઉસ સહજાનંદ રેસીડેન્સી સામે નિકોલ) એ અગમ્ય કારણસર તા.૧૯/૦૮/૨૦૨૬ કલાક ૦૦/૧૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છત્તમા લગાવેલ હૂકમાં સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.વી.બારીયા ચલાવે છે.

કૃષ્ણનગરઃ કૃષ્ણનગર સૈજપુર બોઘા શકિત ચોક ફદેલી ઘનુષ ઘારી સોસાયટી ખાતે રહેતા બુબઈ બનીક સ/ઓ બુધ્ધા બનીક (ઉ.વ.૨૮) (મુળ વતન. એ કલ્યાણી કરાગંજ બંદી ભવન,નાડીયા વેસ્ટ બંગાળ) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૮/૨૦૨૬ રાતના ૦૮/૩૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિરાજસિંહ નટુભા ચલાવે છે.

રામોલઃ અજય બીરુ ચૌગલે (ઉ.વ.૨૫) (રહે. દેવાશ્રય રેસીડેન્સી વૈદેહી ફ્લેટ પાછળ વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૮/૨૦૨૬ સાંજના ૦૭/૧૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આર.જે.જાડેજા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી